સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

'સંસદ'ના નામે સેવા-શુશ્રૂષાનો ઢોંગ થયો છે,
ખાય છે ભથ્થાં મફત, દેશનો જ ભોગ થયો છે!
શોધે જોગ-સંજોગ વિરોધનો આ મતલબીઓ -
લ્યો ડીએનએ, સંસદને જ કેન્સર રોગ થયો છે!

હાઈકુ

કરે છે કોનું?
- 'કલ્યાણ' કોણ જાણે?!
ગરીબમેળા!

નીકળ્યું ભૂત,
ઈર્ષાના શીશામાંથી -
'અનામત'નું..

ચિંતન

કારણાન્મિત્રતા યાતિ કારણાદ્યાતિ શત્રુતામ્ । તસ્માન્મિત્ર ત્વમેવાત્ર યોજય યૈરં ન ધીમતા ॥

'કોઈ માણસ કોઈનું મિત્ર કે શત્રુ કારણ વિના થતું નથી. પણ કોઈને કોઈ કારણને લીધે જ થાય છે. અર્થાત્ શત્રુ થવાના કારણમાં આપણો સ્વભાવ, આપણું વર્તન, આપણી જીભ આપણી વૃત્તિ જ કારણરૂપ હોય છે. માટે માણસે સૌ કોઈ આપણા મિત્ર જ થાય અને શત્રુઓ ન થાય એવું, મૈત્રીભાવથી જ વર્તવું, કોઈની સાથે વૈરભાવ ન બાંધવો.'

સમાજ-પરિવારમાં આપણને કોઈની સાથે અણબનાવ-કંકાસ-શત્રુતા થાય છે એમાં જેટલા શત્રુ વધારે-અણબનાવ વધારે-જેટલામાં આપણે અપ્રિય વધારે એટલો આપણો સ્વભાવ-વર્તન-જીભનો દોષ વધારે, એમ સમજી લેવું.'

કોઈની સાથે મૈત્રીભાવ કે દુશ્મનાવટ એમ ને એમ થતી નથી. તે આપણા પોતાના આચરણ અને સ્વભાવ પર આધારિત છે. કડવી-કડછી જીભ વધારે કંકાસ કરાવે છે. મીઠી જીભ મૈત્રી વધારે છે.

ટ્રેનમાં - બસમાં આપણે કંઈ જિંદગીભર રહેવાનું હોતું નથી. છતાં કોઈ સહયાત્રી સાથે વૈરભાવ બાંધી મુસાફરી ત્રાસરૂપ બનાવે છે, તો કોઈ મીઠા સંબંધ બાંધી મુસાફરી યાદગાર બનાવે છે.

આપણો પોતાનો જ સ્વભાવ-જીભ મૈત્રી-દુશ્મની માટે કારણરૂપ હોય છે.

સુવિચાર

- પ્રભુ સાથે ન જોડાયેલું એવું તમામ પ્રકારનું પુણ્ય લોખંડની ખીલી જેવું છે, સંસારર-સાગરમાં એ આત્માને ડુબાડીને જ રહે છે. - **અખંડ આનંદ**
- પ્રેમ કેવળ પ્રસન્નતા નથી આપતો, એ સહનશીલ બનવાની તાકાત પણ પેદા કરી દે છે. - **હૃદયસૂત્ર**
- રાજકારણમાં કંઈક બોલાવવું હોય (ઠાલા વચન જેવું) તો પુરુષને કહો... અને કંઈક કરાવવું હોય (નક્કર પગલાં જેવું) તો મહિલાને સોંપી દો. - **માગરિટ થેચર**
- અબ એક રાત અગર કમ જીયેં, તો કમ હી સહી, યે હી બહુત હૈ કી હમ મશાલેં જલાકે જીયેં.... - **સાહિર લુધિયાનવી**
- પ્રાતઃકાળે વહેલો ઊઠનાર, નિયમિત શ્રમ કરનાર, પ્રામાણિકતાથી રહેનાર, એવો કોઈ માનવી મેં જોયો નથી... કે જે દુર્ભાગ્યની ફરિયાદ કરતો હોય...! - **અઝીમ પ્રેમજી**
- હૃદયનાં નિર્મળ જળને બુદ્ધિરૂપી અંતરાય જ વહેતું અટકાવે છે. - **હૃદયસૂત્ર**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

ઘણા કરોડપતિઓને પણ, ચિંતા-કુકર્મો-પાપ અને દુરાચારના મન પર ભારને કારણે સતત ચિંતા અને બોજ રહે છે. રાત્રે સુખ-ચેનથી ઊંઘી પણ શકતા નથી. સત્કર્મો કરનાર, સાત્ત્વિક જિંદગી જીવનારનું મન પ્રફુલ્લિત હોય છે. એ ધારે ત્યારે - ધારે ત્યાં ઊંઘી જાય.

કાળાં-ધોળાં કરી કમાણી કરનાર એક મોટો વેપારી એક સંત પાસે આવ્યો અને કહ્યું - બાપુ! મારી પાસે ખૂબ સંપત્તિ અને સુખ-સાહ્યબી છે પણ રાત પડે ને ઊંઘ નથી આવતી. કંઈક બોધ-ઉપદેશ-સલાહ આપો..

સંત કહે, મારી ઉપદેશ આપવાની બેઠક આ ટેકરી પર છે. ત્યાં મારી સાથે ચાલ - પણ તારે આ મોટા ત્રણ ભારે વજનવાળો પથ્થરનો કોથળો ઊંચકીને મારી સાથે ઉપર ચાલવું પડશે...

વેપારીએ કોથળો ઉપાડ્યો. પણ થોડાંક પગથિયાં ચઢતાં જ થાકી ગયો. સંતને કહે : થાકી ગયો છું, નહીં ઊંચકાય.

સંત કહે : સારું, એક પથ્થર કાઢી નાખ... બાજુએ મૂકી દે..

પછી ફરી ચઢવા લાગ્યા..

વેપારીએ બીજો પથ્થર અને ત્રીજો પથ્થર પણ એ રીતે કઢાવ્યા. ત્રીજો પથ્થર કાઢતાં કોથળો ખાલી થયો અને હોંશભેર ટેકરીની ટોચ સુધી પહોંચ્યા..

સંતે કહ્યું : આ પથ્થરના બોજ સાથે જેમ તમે ટેકરી પર ચઢી ન શક્યા તેમ મન પરના બોજ સાથે તમે સુખની ટોચ પર શાંતિથી નિદ્રા માણી ન શકો. પાપોનાં પોટલાં ફેંકી - પ્રાયશ્ચિત્ત કરી - મન હલકું કરો. સરસ ઊંઘ આવશે.

વિપક્ષની એકતામાં 'મુલાયમ' ભંગાણ

તંત્રીસ્થાનેથી....

ચોમાસુ સત્ર દરમિયાન અનેક સમસ્યાઓથી ઘેરાયેલી મોદીસરકાર મુલાયમસિંહ યાદવ સહિત બિનકૉંગ્રેસી વિરોધ પક્ષોએ સંસદની કાર્યવાહી ચાલવા દેવા બાબતે લીધેલ વલણથી જરૂર હાશકારો અનુભવતી હશે. સુષમા સ્વરાજ, વસુંધરા રાજે અને શિવરાજ સિંહ ચૌહાણના રાજીનામાના મુદ્દે કૉંગ્રેસે અપનાવેલ અભિગમ સાથે બાકીનો વિપક્ષ સહમત હોવાની છાપ દ્રઢીભૂત થાય એ પહેલાં જ લોકસભાનાં અધ્યક્ષે મુલાયમસિંહ જેવા મોટા ગજાના વિપક્ષી નેતાને મનાવી લીધા તે શાસક પક્ષની મોટી સફળતા છે. લોકસભામાં કાળી પટ્ટી અને પ્લેકાર્ડ સહિત આવનાર કૉંગ્રેસી સાંસદો પૈકી ૨૫ સદસ્યોને પાંચ દિવસ-અર્થાત્ પૂરેપૂરા એક સપ્તાહ માટે સસ્પેન્ડ કરવાના નિર્ણય સામે કૉંગ્રેસ સહિત અન્ય વિપક્ષી સભ્યોએ પણ સદનનો બહિષ્કાર કર્યો હતો. સદનની બહાર સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ રોજેરોજ ધરણા યોજાતાં હતાં, સૂત્રોચ્ચાર થતા હતા અને મોદી સરકારની જોહુકમી સામેના કૉંગ્રેસના આ સંઘર્ષને સમાજવાદી પાર્ટી, જનતા દળ (યુ), તૃણમૂલ કૉંગ્રેસ, બહુજન સમાજવાદી પાર્ટી તેમ જ ડાબેરી પક્ષોનું સીધું સમર્થન સાંપડ્યું હતું. આથી લોકસભામાં ભારતીય જનતા પાર્ટી અને એની સહયોગી પાર્ટીઓ એકતરફી ચર્ચા કરતી રહીને લોકશાહીની મીઠી મજાક ઉડાવતી રહી હતી. પાંચ દિવસની મુદત પૂરી થયા પછી સોમવારે સંસદમાં હાજર રહેલા કૉંગ્રેસી સભ્યોએ હોબાળો ચાલુ રાખતાં એવી પરિસ્થિતિ સરજાવા પામી હતી કે ચોમાસુ સત્રના બાકી રહેલા આગામી બે દિવસો દરમિયાન સંસદ ચાલે એવી શક્યતા નહીંવત જ લાગી રહી હતી. આખું ચોમાસુ સત્ર ચર્ચા અને કામકાજ વગરનું જાય અને પ્રજાના પૈસા વેડફાઈ જાય, રાજ્યો અને વેપારીઓ બેઉને ફાયદારૂપ જીએસટી જેવાં બિલ અધ્ધર થઈ જાય, એવી પરિસ્થિતિમાં મુલાયમસિંહે અચાનક કૉંગ્રેસ વિરોધી વલણ અખત્યાર કરી આશ્ચર્ય જરૂર સર્જ્યું છે, પરંતુ એમના વલણ સામે પ્રબુદ્ધ નાગરિકો આંગળી ચીંધી શકે એમ નથી. જ્યારે સરકાર કૉંગ્રેસ દ્વારા ઉઠાવાયેલ તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવા સહમત થતી હોય ત્યારે હોબાળો મચાવીને કામકાજ અટકાવી દેવામાં કયું શાણપણ છે? સંસદની કામગીરી ચાલવા દેવી જોઈએ અને વિપક્ષે ઉઠાવેલા સવાલોના ખુલાસા કરવાની તક સત્તાધારી પક્ષને મળવી જોઈએ, એવા વિધાયક વલણ સાથે મુલાયમસિંહ યાદવે કૉંગ્રેસના સંસદ નહીં ચાલવા દેવાના ઈરાદાને અયોગ્ય ઠેરવ્યો છે. રાહુલ ગાંધીએ તદ્દન અંતિમવાદી અભિગમ અપનાવ્યો છે. લલિત મોદીએ સુષમા સ્વરાજના ખાતામાં કેટલી રકમ જમા કરાવી છે-એવો સવાલ કરીને એમણે જ્યાં સુધી આ મુદ્દે ખુલાસો નહીં થાય ત્યાં સુધી સંસદ નહીં ચાલવા દઈએ, એવું આક્રમક વલણ અપનાવ્યું છે. સત્ર દરમિયાન કૉંગ્રેસ જ સત્તાપક્ષનો વિરોધ કરતો હોવાનો જશ લઈ જતી લાગતી હોઈ અન્ય પ્રાદેશિક પક્ષોએ કદાચ કૉંગ્રેસને વધુ પડતું મહત્ત્વ ન મળી જાય, એની તકેદારી રાખીને મુલાયમસિંહ પાસે કૉંગ્રેસને સહકાર નહીં આપવાનું વલણ અપનાવ્યું હોય તે બનવાજોગ છે. વળી, આ તો મુલાયમસિંહ છે-સત્તાધારી પાર્ટી સાથે સમાધાન કરવાની એમની આવડત જાણીતી છે-અંદર શું રંધાયું હશે એ તો ફક્ત મોદી અને મુલાયમ જ જાણતા હશે!

પ્રાચીન 'શુક્રનીતિ' અને અર્વાચીન અલ્પમેધસ્ રાજકારણીઓ

વિચારોના મધુવનમાં
પ્રો. રાકેશ પટેલ

ભારત જેમ વિવિધતાઓનો દેશ છે તે જ રીતે ભારત નવીનતાસભર જીવન આધારિત સાહિત્યથી પણ સભર દેશ છે. નીતિશાસ્ત્ર આધારિત સનાતન સત્ય સિદ્ધાંતોને અનુસરનારીને પણ અનેક આકરગ્રંથોની રચના થઈ હતી. આપણે ભલે વિદુરનીતિ અથવા ચાણક્ય નીતિની ચર્ચા કરતા હોઈએ પણ અન્ય એક અદ્‌ભુત ગ્રંથ એટલે શુક્રનીતિને પણ યાદ કરવો જોઈએ. ૨૦૦૬-૦૭માં રંજન અંધારિયાએ સરસ્વતી પ્રકાશન દ્વારા શુક્રનીતિ (પ્રથમ અધ્યાય) નામે અનુવાદ અને માહિતીસભર પ્રસ્તાવના સાથેનું પુસ્તક પ્રગટ કર્યું છે. પ્રસ્તાવના વાંચતા જ તેમાં રસ પડે તેવી ઉક્તિઓ જોવા મળે છે. ગુણવાન રાજાએ દેવમંદિર માટે, સાર્વજનિક ઉદ્યાન માટે તથા કુટુંબીજનોના ભવનનિર્માણ માટે જમીન આપી દેવી જોઈએ.

નીતિ એવા શબ્દાર્થના અનેક અર્થ થાય છે. જેમ કે ચાણક્ય, વિદુર, ભીષ્મ વગેરેએ રચેલ સદાચારના નિયમોનું પુસ્તક. મહાભારતમાં ભીષ્મે યુધિષ્ઠિરને નીતિશાસ્ત્રનો ઉપદેશ આપેલો છે. તેમાં પ્રજાને માટે કૃષિ, વાણિજ્ય વગેરેની વ્યવસ્થા, અપરાધીઓને દંડ, અમાત્ય, ચર, ગુપ્તચર, સેના, સેનાપતિ વગેરેની નિયુક્તિ, દુષ્ટોને દમન, રાષ્ટ્રદુર્ગ અને કોશની રક્ષા, ધનિકોની દેખરેખ, દરિદ્રોનું ભરણપોષણ, યુદ્ધ, શત્રુઓને વશ કરવા માટે સામ, દામ, દંડ, ભેદ એ ચાર ઉપાય, સાધુઓની પૂજા, વિદ્વાનોનો આદર, સમાજ અને ઉત્સવ, સભા, વ્યવહાર તથા આવા પ્રકારની અનેક ઘણી વાતો છે. નીતિ વિષય ઉપર ઘણાં પુસ્તકો છે જેવાં કે ઉશનાની શુક્રનીતિ, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર , કામંદકીય નીતિસાર.

ઈતિહાસ તરફ દૃષ્ટિ કરીએ તો રાજ્યાશાસ્ત્ર સંબંધી માહિતી ઋગ્વેદમાં અલ્પ પ્રમાણમાં મળે છે. ભારતમાં આર્યોનો વિસ્તાર, તેઓનો આંતરિક સંઘર્ષ, દ્રવિડો તથા દસ્યૂઓ સાથે તેમના યુદ્ધ ઈત્યાદિ ઐતિહાસિક માહિતી ઉપલબ્ધ છે. અથર્વવેદના મંત્રોમાં રાજાના પદ વિશે ઘણું કહેવાયું છે. યજુર્વેદમાં રાજા દ્વારા કરવામાં આવતા યજ્ઞોનો ઉલ્લેખ છે. ઐતરેય બ્રાહ્મણમાં કેટલાક પ્રાચીન રાજાઓ તથા તેઓના રાજ્યાભિષેક વિષયક માહિતી મળે છે. શથપથ બ્રાહ્મણમાં ભારતના પશ્ચિમોત્તર દેશો - ગાંધારા, કૈકેય વગેરે તથા પૂર્વીય કુરુ, કોશલ આદિ રાજયો વિશે માહિતી મળે છે. ઉપનિષદોમાં આર્યની સભ્યતા, ધર્મ અને સંસ્કૃતિના વિકાસનો પરિચય મળે છે. તેમજ બિંબિસારની પહેલાંની રાજનીતિ સંબંધી સ્થિતિનો ખ્યાલ આવે છે. રાજા પરીક્ષિત, તેના પુત્ર, જનમેજય અને કેટલાય પરાવર્તી રાજાઓનો ઉલ્લેખ ઉપનિષદોમાં મળે છે.

મહાભારતના સભાપર્વમાં શાસનતંત્રનો આદર્શ ખ્યાલ રજૂ કર્યો છે. રામાયણમાં શાસન અને સમાજવ્યવસ્થામાં બ્રાહ્મણોનું સર્વોપરિત્વ દર્શાવ્યું છે. રાજકુમારોને સારા રાજ્યકર્તા બનવા માટે તાલીમ આપવાનું સૂચવે છે. સ્મૃતિ સાહિત્યમાં મનુસ્મૃતિના ૭ અને ૮મા અધ્યાયમાં રાજનીતિનું વર્ણન ઉપલબ્ધ છે. તત્કાલીન ન્યાયવ્યવસ્થાનું સ્પષ્ટ ચિત્ર છે. આચાર્ય હેમચંદ્ર લિખિત 'પરોશિષ્ટપર્વમ્' માં મહાવીરથી માંડી મૌર્યકાળ સુધીની માહિતી પ્રાપ્ત થાય છે. 'ભાદ્રબાહુચરિત'માં ચંદ્રગુપ્તના રાજયની માહિતી પ્રાપ્ત થાય છે.

નીતિશાસ્ત્રની પરંપરામાં કામન્દકીય નીતિસાર અને શુક્રનીતિનું મુખ્યસ્થાન છે. કામન્દકીય નીતિસાર ગુપ્તકાળમાં ઈ.સ. ૫૦૦ની આસપાસ લેખાયેલો ગ્રંથ છે. આ કૌટિલ્ય અર્થશાસ્ત્રનો છંદોબદ્ધ સંક્ષેપ ગ્રંથ મનાય છે. રાજા અને તેના પરિવારનું વર્ણન છે. અર્થશાસ્ત્રના ગ્રંથોમાં શાસન વ્યવસ્થાનું સાંગોપાંગ વર્ણન શુક્રનીતિમાં કરવામાં આવ્યું છે. રાજા, તેના મંત્રીઓ અને કર્મચારીઓનાં કાર્યો, પરરાષ્ટ્ર-વિદેશનીતિ અને રાજનીતિનું વિસ્તૃત વર્ણન છે. ન્યાયવ્યવસ્થાનું પણ વર્ણન છે. શુક્રનીતિમાં શાસનપદ્ધતિનું ધ્યેય સમાજના સર્વાંગીણ વિકાસનું રહ્યું છે. દેશની આર્થિક પ્રગતિને મહત્ત્વપૂર્ણ કર્તવ્ય માનવામાં આવ્યું છે. કલ્હણની રાજતરંગિણીમાં પ્રાચીન કાળથી આરંભી ૧૨મી સદી સુધીના કાશ્મીરના ઈતિહાસની માહિતી આપે છે.

નીતિ શબ્દનો અર્થઃ માર્ગચ્યુત થયેલા - માર્ગ પર રહેલાને ઉચિત માર્ગ પર લઈ જવાની ક્રિયાને નીતિ કહે છે. વર્ણોને તેમના ધર્મ (ફરજ) માં રાખવા તે રાજાનો પરમ ધર્મ કહ્યો છે. શુકાચાર્યના મતે - નાનામાં નાનું કામ સહાયક વિના કરવું અધૂરું છે. તો વિશાળ કાર્યવાળું રાજય સહાયક વિના કેવી રીતે ચલાવી શકાય? તેથી યોગ્ય સહાયકો રાજાએ રાજ્યકાર્ય સંચાલન માટે નીમવા જરૂરી છે. આ સહાયકો એટલે મંત્રીઓ જેને મંત્રીપરિષદ કહેવાય. આ મંત્રીપરિષદમાં દસ સભ્યો શુક્ર નિર્દેશે છે. પુરોધા, પ્રતીનિધિ, પ્રધાન, સચિવ, મંત્રી, પ્રાંગવિવાક, પંડિત, સુમંત્રુ, અમાત્ય, તથા દૂત. અનુસાર કલાઓની સંખ્યા અસંખ્ય છે 'શુક્રનીતિ', છતાં પણ સમાજમાં અતિ પ્રચલિત ૬૪ કલાઓનો આ નીતિમાં ઉલ્લેખ થયેલો જોવા મળે છે.

જેમાં - નર્તન (નૃત્ય), વાદન, વસ્ત્રસજ્જા, રૂપપરિવર્તન, શૈય્યા સજાવટ, દ્યુત ક્રીડા, રતિજ્ઞાન, મદ્ય બનાવટ અને એને સુવાસિત કરવાની કલા, શલ્ય ક્રિયા, પાકશાસ્ત્ર, બાગકામ, પાષાણ, ધાતુ આદિમાંથી ભસ્મ બનાવવાની કલા, મીઠાઈ બનાવટ, ધાત્વોષધિ બનાવટ, મિશ્ર ધાતુઓનું પૃથક્કરણ, ધાતુમિશ્રણ, નમક બનાવટ, શસ્ત્ર સંચાલન, કુસ્તી, લક્ષ્યવેધ વાદ્યસંકેત દ્વારા વ્યૂહરચના, ગજાદિ દ્વારા યુદ્ધકર્મ, શિશુપાલન, દંડકાર્ય, સુલેખન, તાંબૂલરક્ષણ, કલામર્મજ્ઞતા, નટકર્મ, કલાશિક્ષણ ઔર સાધનાની ક્રિયા - નો ઉલ્લેખ છે.

લાચાર આંખે પોપચાં માંડ ખોલીને જોતાં તેણે કહ્યું, 'સદા સુખી રહો', તે દવાખાને પહોંચી ત્યાં તેનું પ્રાણપંખેરું ઊડી ગયું, આ તરફ વર-વધૂને સૌ પુષ્પગુચ્છો આપી રહ્યાં હતાં તો પેલી તરફ શૈલજાની અર્થી પર ફૂલો ચડાવવામાં આવી રહ્યાં હતાં

નવાં કલેવર
નટવર હેડાઉ

હમણાંથી એ ગુમસુમ ખોવાયેલી ખોવાયેલી અને ખિન્ન રહેવા લાગી, ઉદાસ અને હતાશ. જાણે તેનામાં જીવ જ ન હોય તેવી લાગતી હતી. વધુ ને વધુ સમય નીરવ, નિઃશબ્દ અને એકાન્તમાં વિતાવતી. સતત તનાવ અનુભવતી ઉત્પીડન સહન કરતાં તેનું જીવન વિતવા લાગ્યું. જીવનના બધાં સુખો જાણે બાષ્પ બની ગયાં. તે પોતાનાં સ્વજનોને ટીકી ટીકીને જોતી રહેતી. ચિડાઈને ખીચભર્યા અવાજે ક્યારેક બોલતી અને પછી લાંબો સમય સુધી મૌન ધારણ કરી લેતી. કુટુંબીઓ અને પાડોશીઓને સંદેહભરી નજરે જોતી. તમે ક્યારેક વ્હાલભરી વાણીમાં કંઈ કહેવા જાવ તો તેને દેખાડો માનીને એ આંખો ફેરવી લેતી. વધુ સમય એકાંતવાસ અને એકલા રહેવું તેને વધુ ગમતું હતું. પોતાની બહેનપણીઓથી પણ દૂર ભાગતી. સદાય દુઃખી દુઃખી લાગ્યા કરતી, ચિંતા ચહેરા પર છવાયેલ રહેતી. સમાજ સાથે પણ તે એક અંતર રાખવા લાગી. નિરાશાની નદીમાં એ ડૂબકીઓ લગાવતી હતી. સામે કોઈ જાણીતું નીકળે તો તેની સામે જોયા કરતી અને તે સમય તેની આંખમાં આંસુ આવી જતાં. વિશ્વાસ ખોઈ બેઠી હતી. શ્રદ્ધા અને આસ્થા વિખરાઈ ગઈ. ભીતરથી એ તૂટી ગઈ હતી. તેને પારકાં તો ઠીક પોતાનાં પણ પારકાં લાગવા લાગ્યાં હતાં. અંદરથી તૂટવા સાથે એ જાણે કે સંકોચાઈ ગઈ હતી.

પહેલાં તો એ કાયમ પૂજાપાઠ, દેવદર્શન, દાનપુણ્ય કરવા ઉત્સુક રહેતી. વ્રત ઉપવાસ, તીર્થાટનમાં તેની રુચિ હતી પણ હવે એ બધું ખતમ થઈ ગયું હતું. ભ્રમિત અને આશંકિત રહેવું, આક્રોશ અને અધીરાઈ વધવાની સાથે તેની વાણીમાં કડવાશ આવી ગઈ. સમૂહમાં બેસવાની આદત છૂટી ગઈ. અવિશ્વાસ વધી ગયો. આત્મવિશ્વાસ જતો રહ્યો. એકાકી જીવન જીવવું એ તેનું લક્ષ્ય બની ગયું. પોતાની જાતને અસહાય સમજવા લાગી. વિચારોમાં નકારાત્મકતાની દૃષ્ટિનો આવિર્ભાવ થઈ ગયો. ઘર અને કુટુંબની વ્યવસ્થામાંથી પણ મોં ફેરવી લીધું. અન્યમનસ્ક જેવી સ્થિતિ થઈ ગઈ. બાળકોને જોઈ ગભરાટ અને મોટાંઓનો ડર લાગવા લાગ્યો. તે સંપૂર્ણ રીતે અંતર્મુખી થઈ ગઈ. તેનો સ્વભાવ કોઈ માનસિક રોગી સમાન હૃદયવિદારક બની ગયો.

જે દોડાદોડ કરીને પરિવારની સેવા-સહાયતા કરતી, મહેમાનોની આગતા સ્વાગતા કરતી, પાડોશીઓને મદદરૂપ થતી, સમાજરસેવામાં અગ્રેસર રહેતી, દીન-દુખીયાંની સહાય માટે સદા તત્પર રહેનારી હસતી અને સૌને હસાવતી શૈલજાએ ભીડભાડ, નાતજાત, સગાસંબંધી, ઘરપરિવાર, દીકરી વહુ સૌની સાથે સંબંધો કાપી નાંખ્યા હતા. મોહમાયાથી પર અજ્ઞાતવાસનો આશરો લઈ બેઠેલી શૈલજા જાણે જીવતી લાશ બની ગઈ. શૈલજાના જીવનમાં આવું ઝંઝાવાત તોફાન આવ્યું ક્યાંથી? તો સાંભળો.

શૈલજા ધનવાન કુટુંબની એક જાજરમાન નારી હતી. પતિ સુરેશચંદ્ર મોટા ઉદ્યોગપતિ હતા. લાંબો પહોળો કારોબાર હતો. નોકર-ચાકર બધું હતું. વિશાળ બંગલો અને મોંઘીદાટ ગાડીઓ હતી. સુરેશચંદ્રની બધે ખૂબ મોટી વગ હતી. પાંચમાં પુછાતું વ્યક્તિત્વ હતું. રાજકીય ક્ષેત્રે પણ વર્ચસ્વ હતું. નાતમાં મોભો હતો. ઘરસંસાર સારી રીતે ચાલતો હતો. પણ અચાનક વેપારમાં ખોટ આવી. બસ, આ કારણે સુરેશચંદ્ર રસ્તા પર આવી ગયા. ઘર, ઘરેણાં, ખેતીવાડી, ગાડીબંગલા બધું જતું રહ્યું ત્યારે માંડ દેવામાંથી છૂટી શક્યા. આ આઘાતમાં શૈલજાના પતિ સાઠની ઉંમરે જ વિદાય લઈ ગયા. શૈલજા પર તો જાણે પહાડ તૂટી પડ્યો. બંને દીકરા અંકિત અને ઓજસ ભણવાનું છોડી મહેનત-મજૂરી કરવા લાગ્યા. હજુ તેમની ઉંમર પણ શું હતી. માંડ વીસ વરસ હશે. બંને ભાઈઓ સખત મહેનત કરી ફરી પોતાના વ્યવસાયને બુલંદી પર લાવ્યા. આવક પણ એટલી બધી કે ફરી એ જ જુના દિવસો આવી ગયા. ધીરે ધીરે વધતી આવક સાથે ભાઈઓમાં ભાઈચારો ઘટવા લાગ્યો. અને બંને ભાઈ અલગ થઈ ગયા. ધંધાના ભાગ પંદર પંદર દિવસ માટે વહેંચાઈ ગઈ. કોઈ મહિનો એકત્રીસો હોય, તેના માટે સંદિગ્દાવસ્થાનો એ દિવસ ઉપવાસનો રહેતો. તે આવી મનહુસ ઘડીમાં કિં કર્તવ્યમૂઢ અવસ્થાનો શિકાર બની ગઈ.

મોટા દીકરા અંકિતનો કારોબાર બરાબર ચાલતાં તેણે એક વિદેશી સ્ત્રીના મોહપાશમાં ફસાઈને લગ્ન કરી લીધાં. આ સ્ત્રીએ તેની સાથે એ શરતે લગ્ન કરેલાં કે તે શૈલજાની સાથે રહેશે નહીં કે પોતાની સાથે તેને રાખશે નહીં. ઓજસનો ધંધો ન ચાલ્યો તેથી તેને શહેર છોડીને રોજી-રોટી માટે બહાર જવું પડ્યું. હવે શૈલજાનું ધ્યાન રાખનાર કોઈ ન રહ્યું. આંસુના ઘુંટ પી એ જીવતી હતી કેમ કે તે મરી શકતી ન હતી. આત્મહત્યા તેના માટે મહાપાપ હતું.

આજે અંકિતના પ્રેમલગ્નની પહેલી વર્ષગાંઠ હતી. ઘર આંગણ ખૂબ શણગાર્યું હતું. આસાપોલવનાં તોરણ અને ફૂલોની હારવાળા પડદા લટકતા હતા. બેન્ડવાજાવાળાએ ધૂમ મચાવી હતી. શરણાઈની સ્વર-લહેરીઓએ વાતાવરણને સ્વર્ગીય બનાવ્યું હતું. અનેક પ્રકારનાં પકવાનોની સોડમ આવતી હતી. મહેમાનોની ભીડ ખૂબ જામી હતી. બુકે અને ગીફ્ટ બૉક્સ હાથમાં ઝાલી શુભકામના પાઠવનારાઓની લાંબી કતાર દેખાતી હતી. ડી.જે. પાર્ટી સાથે બે ડાન્સરો ઠુમકા લગાવી રહી હતી. તેની સૌ મજા માણતા હતા. મહેમાનોની આગતાસ્વાગત ખૂબ થઈ રહી હતી. પણ આમાં શૈલજા ક્યાંય નહોતી.

આજે શૈલજાને ઉપવાસ હતો. છેલ્લા બે દિવસથી તેણે કાંઈ ખાધું-પીધું ન હતું. બ્લડપ્રેશર વધ્યું તો એવું વધ્યું કે એ ચક્કર આવવાથી ગબડી પડી. માથામાં વાગ્યું. પાડોશી મધુસૂદન તેને દવાખાને લઈ જતો રહ્યો. રસ્તામાં બૅન્ડવાજાંની ધૂન સાંભળી એ અટકી. તેનાથી રહેવાયું નહીં. તેણે પૂછ્યું, આ શું છે? તેને કહેવામાં આવ્યું કે બા આ સ્વર્ગસ્થ શેઠ સુરેશચંદ્રના દીકરા અંકિતનું ઘર છે. તેના લગ્નની પહેલી વર્ષગાંઠ નિમિત્તે ઉજવણી થઈ રહી છે.

લાચાર આંખે પોપચાં માંડ ખોલીને જોતાં તેણે કહ્યું, 'સદા સુખી રહો' તે દવાખાને પહોંચી ત્યાં તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. આ તરફ વર-વધૂને સૌ પુષ્પગુચ્છો આપી રહ્યાં હતાં તો પેલી તરફ શૈલજાની અર્થી પર ફૂલો ચડાવવામાં આવતી રહ્યાં હતાં.

- vanvihari@gmail.com

અચ્છે દિન...!! 'જન ધન યોજના' કે મુંગેરીલાલ કે હસીન સપને...!!

રકમની લઈ સહાય મોજ ગુમાવી બેઠો છું, મફત લેવાની લ્હાયમાં રોજ ગુમાવી બેઠો છું 'અચ્છે દિન'ના સપના ક્યારે થશે સાકાર? ભીતરની 'ભારત એક ખોજ' ગુમાવી બેઠો છું

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

સ્વતંત્રતા દિવસની સવારે, 'તમારાં ખાતામાં ૫૦ લાખ રૂપિયા 'જનધન યોજના' અંતર્ગત જમા થઈ ગયા છે.' આવો મેસેજ મુંગેરીલાલના મોબાઈલમાં આવ્યો... મુંગેરીલાલ તો ઊછળી પડ્યા. વાહ મારા મોદી, વાહ. તમે તો ખરેખર તમારું વચન નિભાવી આ સ્વતંત્રતા દિવસે મને આ રોજની મજૂરીમાંથી છુટકારો અપાવી દીધો...

એ તો ખુશખુશાલ થતો એમના રૂમમાંથી બહાર આવી બધાં પરિવારજનોને કહેવા લાગ્યો, 'જુઓ જુઓ, મારા ખાતામાં ૫૦ લાખ રૂપિયા જમા થઈ ગયા છે, હવે આપણે કોઈ કામ કરવાની જરૂર નથી, ટેંસથી રહીશું.'

ઘરવાળાં બોલ્યાં, 'બહુ ખુશ ના થઈશ, અમારાં બધાંના જ ખાતામાં એટલા જ રૂપિયા જમા થયા છે. મોદી સરકારે 'જનધન યોજના'નો લાભ કંઈ તને એકલાને નથી આપ્યો...' મુંગેરીલાલ તો આ જવાબ સાંભળી બહુ દુઃખી થયા, સાલુ, બધાંને રૂપિયા મળ્યા!

પછી વિચાર્યું ચાલો કાંઈ નહીં. મિત્રોને આ ખુશખબરી આપી દઉં. મિત્રો પણ બોલ્યાં, 'બહુ હોશિયારી મારવાની જરૂર નથી, તું કંઈ એકલો નવાઈનો નથી, અમારાં બધાંના ખાતામાં પણ ૫૦ લાખ રૂપિયા આવી ગયાં છે...' સાલી બધી ખુશી ગાયબ થઈ ગઈ...

પછી તો બધી ચિંતા પડતી મૂકી એટીએમમાં પૈસા ઉપાડવા ગયા તો ત્યાં લાંબી લાઈન લાગેલી, પૈસા ઉપાડવા માટે, ભૂખ્યાં ને તરસ્યાં મુંગેરીલાલે ત્રણ કલાકે થોડા રૂપિયા ઉપાડી રાહતનો દમ લીધો. થયું ચાલો હવે થોડી ખરીદી કરી લઈએ... અલ્યા ઓય, આ બાબુલાલની કરિયાણાની દુકાન બંધ કેમ છે? એ ભાઈ બોલ્યા, 'બાબુલાલે તો દુકાન બંધ કરી દીધી, એને હવે દુકાનની શી જરૂરત? એના ખાતામાં ૫૦ લાખ આવી ગયાં, હવે એને કામ કરવાની ક્યાં જરૂર છે?'

મુંગેરીલાલ પછી તો મોટા મૉલ તરફ નીકળી પડ્યાં. જોયું તો ત્યાં પણ બધી દુકાનો બંધ. એને ખબર પડી ગઈ કે આ બધાંને પણ ૫૦ લાખ મળી ગયા લાગે છે! વિચાર કર્યોઃ કાંઈ વાંધો નહીં, બહુ દિવસથી હૉટલમાં જમ્યો નથી, આજે તો પેટ ભરીને જમીશ. એ હૉટલમાં ગયો તો ત્યાં કોઈ સિક્યુરિટી નહીં, વેઈટર નહીં, રસોઈયો નહીં, શેઠ પણ મોબાઈલમાં ગેમ રમતાં બેઠાં હતાં, એટલે એ બધાં પણ હવે અમીર બની ચૂક્યાં હતાં. મુંગેરીલાલ બજારમાં ગયાં તો ત્યાં ચાની કિટલીવાળો, શાકભાજીવાળો, પાણીપૂરી, દાબેલી બધાં ફરિયા ગાયબ હતાં, વાળ કાપનારો હજામ પણ શાંતિથી છાપું વાંચતો હતો, કારણ હવે તો બધાંના ખાતામાં ૫૦ લાખ આવી ગયાં હતાં...

એ ભાઈ પછી તો એની ફેક્ટરીમાં ગયાં, એ પણ બંધ, કોઈ કરતાં કોઈ દેખાતું નહોતું, મજૂરોને ૫૦ લાખ મળી ગયાં હતાં અને આ બધાં ભેગાં થઈને ગાતાં હતા 'અચ્છે દિન આવી ગયા, અચ્છે દિન આવી ગયા...' શહેરને અડીને આવેલા ગામડાંમાં ગયો, તો ત્યાં ખેડ